सत्यमेव जयते

કેસ પ્રાપ્તિ તારીખ : ૯–૬–૨૦૨૫
કેસ દાખલ તારીખ : ૯–૬–૨૦૨૫
કેસ નિર્ણીત તારીખ:
અવધી : ....વર્ષ ..... માસ .....દિવસ. ......

**પોરબંદરના મ્હે. સ્પેશ્યલ (ધી પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ) જજ સાહેબની અદાલતમાં**

સ્પે. (પોકસો) કેસ નં. ૦૯/૨૦૨૫
સાથે પોકસો કેસ નં. ૨૬/૨૦૨૫
આંક :

**(પોકસો કેસ નં. ૯/૨૦૨૫)**
ધી સ્ટેટ ઓફ ગુજરાત .......... ફરીયાદી.

**વિરુધ્ધ**

પ્રદિપકુમાર લાલચંદ મહેરા,
ઉ.વ. ૨૮, રહે. દામોદરપુર બહાડી ડોસા સખાની પંચાયત,
કીશનગંજ તા. સોનવર્ષા, જી. સહરસા,
બિહાર. (હાલ પોરબંદર જેલ જયુડી. કસ્ટડીમાં).......... આરોપી.

**(પોકસો કેસ નં. ૨૬/૨૦૨૫)**
ધી સ્ટેટ ઓફ ગુજરાત .......... ફરીયાદી.

**વિરુધ્ધ**

અનુપમ ઉર્ફે બાદલ સ/ઓ. બીલાસ સ/ઓ. ગણેશ પાસવાન,
ઉ.વ. ૩૦, રહે. સુખારની ગામ, વોર્ડ નં. ૧૨, ઉદાકિશનગંજ,
થાણા જીલ્લા મધેપુરા,
બીહાર. .......... આરોપી.

ગુન્હો :– ભારતીય દંડ સંહીતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬, ૫૦૬(૨), ૧૧૪ તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮ મુજબ.

---

ફરીયાદ પક્ષે વિ. સરકારી વકીલશ્રી એસ. બી. જેઠવા.
આરોપી પક્ષે વિ. વકીલશ્રી વી. જી. પરમાર.

---

**–:: <u>ચુકાદો</u> ::–**

(૧) પોકસો એકટના કાયદાની કલમ–૩૩(૭) તથા કલમ–૩૭ ના પ્રબંધો મુજબ ટ્રાયલ દરમ્યાન બાળકની ઓળખ જાહેર થવી ન જોઇએ. જેથી આ ચુકાદામાં ભોગ બનનાર બાળકનું નામ જાહેર કરેલ નથી અને બાળકના નામને બદલે બાળકને '' ભોગ બનનાર '' તરીકે સંબોધવામાં આવેલ છે. તથા ટ્રાયલ ઈન–કેમેરા ચલાવવામાં આવેલ છે.

(૧.૧) આ કામમાં રેકર્ડ ધ્યાને લેતા ઉપરોકત બન્ને કેસો એક જ બનાવ સંબધે જ ઉદભવેલ હોય તેમજ તે બનાવને સંલગ્ન અન્ય પુરવણી ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ બન્ને કેસોમાં સાક્ષી – પુરાવાઓ એકસરખા જ હોય તેમજ આ બન્ને કેસોમાં એક સરખા સાહેદો તેમજ આ ગુનાને લગતી તપાસના દસ્તાવેજો પણ એક જ હોય જેથી આ બન્ને કેસોના ન્યાયીક નિર્ણય માટે સરળતા રહે તે હેતુથી આ ગુનાનું મુખ્ય ચાર્જશીટ એટલે કે, સ્પે. પોકસો કેસ નં.૯/૨૦૨૫ સાથે હાલના સ્પે. પોકસો કેસ નં. ૨૬ /૨૦૨૫ ને કોન્સોલીડેડ કરવાનો હુકમ અગાઉ તા. ૨૮ – ૧ – ૨૦૨૬ ના રોજ કરવામાં આવેલ છે અને તે મુજબ સદર બન્ને કેસોની ટ્રાયલ ચલાવવામાં આવેલ છે.

(૨) આ કામના આરોપીઓ વિરુધ્ધ કુતિયાણા પોલીસ સ્ટેશનમાં જાહેર કરવામાં આવેલી ફરીયાદ આધારે ગુ.ર.નં. ૪૭/૨૦૧૫ થી ભારતીય દંડ સંહીતાની કલમ– ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૧૧૪ તથા પોકસો એકટની

કલમ–૪, ૬, ૮ વિગેરે મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ તપાસ કરનાર અમલદારે ફાઈલ કરતાં હાલનો સ્પેશ્યલ કેસ ઉપસ્થિત થયેલો છે.

**ફરીયાદ પક્ષનો કેસ :**

(૩) આ કામના ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી પોતાના પરીવાર સાથે કુતિયાણા મુકામે રહે છે. ભોગ બનનારો ફરીયાદીની પુત્રી થાય છે. બનાવ સમયે ભોગ બનનારે ૧૮ વર્ષ પૂર્ણ કરેલ નથી. આ કામના આરોપીઓને બન્ને ભોગ બનનાર સાથે પરીચય થયેલ હતો. આરોપીઓએ તા. ૨૫–૯–૨૦૧૫ ના રોજ કલાક ૧૫–૦૦ વાગ્યાના અરસામાં કુતિયાણા બાયપાસ રોડ પાસેથી ભોગ બનનાર ફરીયાદીના કાયદેસરના વાલીપણામાં રહેલ હોય તેઓને બદકામ કરવાના ઈરાદે લલચાવી, ફોંસલાવી તેણીનું અપહરણ–અપનયન કરી લઈ જઈ તેણીની સાથે ઈચ્છા અને મરજી વિરુધ્ધ અવારનવાર શારીરીક સંભોગ –બળાત્કાર કરેલ તેમજ ભોગ બનનારા સાથે પ્રવેશ જાતિય હુમલો તથા ઉગ્ર પ્રવેશ જાતીય હુમલો કરેલ અને ભોગ બનનારાઓને જાનથી મારી નાખવાની ધમકી આપેલ. તે મતલબના આક્ષેપ સાથે ફરીયાદીએ આરોપી વિરુધ્ધ ફરીયાદ આપેલ છે.

**પોલીસ તપાસ :**

(૪) ફરીયાદી ધ્વારા ઉપરોકત હકીકતે કુતિયાણા પોલીસ સ્ટેશનમાં પોતાની ફરીયાદ હકીકત જાહેર કરેલ અને ફરીયાદ આધારે ગુ.ર.નં. ૪૭/૨૦૧૫ થી ભારતીય દંડ સંહીતાની કલમ– ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૫૦૬(૨), ૧૧૪ તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮ મુજબની ફરીયાદ દાખલ કરવામાં આવેલ. ત્યારબાદ આ કામના તપાસ કરનાર અધિકારીશ્રી

ધ્વારા ઉપરોકત ગુન્હાના કામે તપાસની કાર્યવાહી હાથ ધરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ, જરુરી પંચનામાઓ કરેલા તેમજ તપાસની સંપુર્ણ કાર્યવાહીના અંતે હાલના આરોપીઓ  વિરુધ્ધ પુરતો પુરાવો જણાય આવતા અત્રેની સ્પેશ્યલ કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ. જે અત્રેની અદાલત ધ્વારા રજીસ્ટરે લઇ સ્પે. કેસ નં. ૯/૨૦૨૫  તથા સ્પે. કેસ ૨૬/૨૦૨૫ થી નોંધવામાં આવેલ છે.

**ચાર્જ અને પ્લી :**

(૫)  આરોપીઓને અત્રેની કોર્ટમાં હાજર કરવામાં આવતા તેઓને પોલીસ પેપર્સની નકલો પુરી પાડી, મારા પુરોગામી સેશન્સ જજ સાહેબશ્રી ધ્વારા સ્પે. કેસ નં. ૯/૨૫  ના કામે આંક–૧૦ થી તેઓ વિરુધ્ધ આક્ષેપાયેલા ગુન્હાઓ સબંધેનું તહોમતનામુ ઘડી, તે આરોપીને વાંચી સંભળાવી, સમજાવતા આરોપીએ પોતાના આંક–૧૧ ના જવાબમાં ગુન્હો નાકબુલ કરી પોતે પોતાનો બચાવ લીગલ એઇડ  વકીલ રોકી કરવા માંગતા હોવાનું જાહેર કરેલ હતુ અને પોકસો કેસ નં. ૨૬/૨૦૨૫ ના કામે આંક–૬ થી તહોમતનામુ ઘડી, તે આરોપીને વાંચી સંભળાવી, સમજાવતા આરોપીએ પોતાના આંક–૭ ના જવાબમાં ગુન્હો નાકબુલ કરી પોતે પોતાનો બચાવ લીગલ એઇડ  વકીલ રોકી કરવા માંગતા હોવાનું જાહેર કરેલ હતુ. તેથી ત્યારબાદ આ કામ ફરીયાદ પક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

**ફરીયાદ પક્ષના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ :**

(૬)  ફરિયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે.

## **મૌખિક પુરાવા :–**

| અ.નં. | સાહેદનું નામ | સાહેદનો દરજજો. | આંક |
|---|---|---|---|
| ૧. | ખીમેશભાઈ ચેનીયાભાઈ ભુરીયા | ફરીયાદી | ૧૯ |
| ૨. | ભોગ બનનાર | –– | ૨૨ |
| ૩. | ભોગ બનનાર | –– | ૨૫ |
| ૪. | ડો. હરેશકુમાર ભગવાનજીભાઈ ગોહેલ | મેડીકલ ઓફીસર | ૩૨ |
| ૫. | ડો. હેતલબેન કીશોરભાઈ ચાંદેગરા | મેડીકલ ઓફીસર | ૪૧ |
| ૬. | અમૃતલાલ લક્ષ્મીરામ આચાર્ય | ત.ક.અ. | ૫૦ |
| ૭. | નારણ નાથાભાઈ ચુડાસમા | ત.ક.અ. | ૫૨ |
| ૮. | રવિરાજસિંહ ભુપતસિંહ રાણા | પોલીસ સાહેદ | ૫૩ |
| ૯. | વિજયસિંહ પરબતસિંહ પરમાર | ત.ક.અ. | ૯૯ |

## **દસ્તાવેજી પુરાવા :–**

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૨૦ |
| ૨. | ભોગ બનનારનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ અન્વયેનું નિવેદન | ૨૪, ૨૮ |
| ૩. | ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર તથા સ્થળાંતર દાખલો | ૨૬/૨૭ |
| ૪. | પોલીસ યાદી | ૩૩ |
| ૫. | ભોગ બનનારનો એમ.એલ.સી. કેસ | ૩૪ |
| ૬. | ભોગ બનનારનું મેડી. સર્ટી. | ૩૫ |
| ૭. | ફોર્મ નં. ૨(બી) | ૩૬ |
| ૮. | પોલીસ યાદી | ૩૭ |

| | | |
|---|---|---|
| ૯. | એમએલસી. કેસ | ૩૮ |
| ૧૦. | મેડી. સર્ટી. | ૩૯ |
| ૧૧. | ફોર્મ નં. ૨(બી) | ૪૦ |
| ૧૨. | પોલીસ યાદી | ૪૨ |
| ૧૩. | ઓપીડી કેસ પેપર્સ | ૪૩ |
| ૧૪. | મેડીકલ સર્ટી. | ૪૪ |
| ૧૫. | ફોર્મ નં. ૨(બી) | ૪૫ |
| ૧૬. | કલમ ઉમેરો કરવાનો રીપોર્ટ | ૫૧ |
| ૧૭. | કલમ ઉમેરો કરવાનો રીપોર્ટ | ૧૦૦ |
| ૧૮. | આ ગુનાની તપાસને લગતો દસ્તાવેજી પુરાવો કે જે બચાવપક્ષે સ્વીકૃત દસ્તાવેજો છે. | ૫૪ થી ૯૮ |

**આરોપીનુ વિશેષ નિવેદન :**

(૭) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીઓનું ક્રિ.પ્રો. કોડ કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ. જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષનો પુરાવો તેઓની રુબરુમાં અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકત ખરી હોવાનું જણાવેલ છે તેમજ પોતાની સામેના પુરાવાની હકીકત ખરી નહી હોવાનું જણાવેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, '' અમો તદન નિર્દોષ હોય અમોને આ કામમાં ખોટી રીતે સંડોવી દીધેલ છે. જેથી આપ નામ. સાહેબને અમારી નમ્ર અરજ છે કે અમોને આ કામમાં નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ છે.''

(૮) આ કામે ઉપરોકત હકીકતે બંને પક્ષકારો તરફેની દલીલો તેમજ રજુ થયેલ રેકર્ડ અને પુરાવાઓ આધારે આ કેસના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દા ::-**

૧). શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ભોગ બનનાર બનાવના દિવસે બાળકી હતી એટલે કે સગીર વયની હતી ?

૨). શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે આ કામનાં આરોપીઓએ તા. ૨૫-૯-૨૦૧૫ ના રોજ કલાક ૧૫-૦૦ વાગ્યાના અરસામાં કુતિયાણા બાયપાસ રોડ પાસેથી ભોગ બનનાર ફરીયાદીના કાયદેસરના વાલીપણામાં રહેલ હોય તેઓને બદકામ કરવાના ઈરાદે લલચાવી, ફોસલાવી તેણીનું અપહરણ-અપનયન કરી લઈ જઈ તેણીની સાથે ઈચ્છા અને મરજી વિરુધ્ધ અવારનવાર શારીરીક સંભોગ -બળાત્કાર કરેલ તેમજ ભોગ બનનારા સાથે પ્રવેશ જાતિય હુમલો તથા ઉગ્ર પ્રવેશ જાતીય હુમલો કરેલ અને ભોગ બનનારાઓને જાનથી મારી નાખવાની ધમકી આપેલ અને એકબીજાને મદદગારી કરેલ અને તેમ કરીને ભારતીય દંડ સંહીતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૩). શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ભોગ બનનાર સગીર વયની હોવાનું જાણવા છતાં તેણી સાથે પ્રવેશ જાતીય હુમલો તથા ઉગ્ર પ્રવેશ જાતીય હુમલો કરેલ અને તેમ કરીને ધી પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ ૨૦૧૨ની કલમ-

૪, ૬, ૮ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૪). શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**: નિ ર્ણ યો :**

૧). મુદ્દા નં. ૧ નકારમાં
૨). મુદ્દા નં. ૨ નકારમાં
૩). મુદ્દા નં. ૩ નકારમાં
૪). આખરી હુકમ મુજબ.

(૧૦) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

**<u>મુદ્દા નં. ૧ :–</u>**

**ભોગ બનનારની ઉંમર અંગેનો પુરાવો :**

(૧૧) હાલના કિસ્સામાં ફરીયાદ પક્ષના કેસ મુજબ ભોગ બનનાર એક બાળકી છે. પોકસો એકટની કલમ–૨(ડી) મુજબ બાળકની વ્યાખ્યા આપવામાં આવેલ છે જે મુજબ બાળક એટલે, અઢાર વર્ષની ઉંમર પૂરી ન કરી હોય તેવી કોઇ વ્યકિતને 'બાળક' કહેવાય છે.

(૧૨) ફરીયાદ પક્ષના કેસ મુજબ ભોગ બનનાર નં. ૧ ની જન્મ તારીખ અંગે રેકર્ડ પર કોઇ સ્પષ્ટ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. ભોગ બનનાર નં. ૨ ની જન્મ્ તારીખ ફરીયાદપક્ષના કેસ મુજબ ૨૬–૮–૨૦૦૧ ની દર્શાવેલ છે. આ સંદર્ભે પડેલ પુરાવો ધ્યાને લઇએ તો ફરીયાદ પક્ષે ભોગ બનનાર નં. ૨ ને આંક–૨૫ થી તપાસેલ છે. તેમણે પોતાના પુરાવામાં

પોતાની જન્મ્ તારીખ ૨૬–૮–૨૦૦૧ હોવાનું જણાવેલ છે અને તે અંગે જન્મ્ તારીખનો દાખલો તથા સ્થળાંતર પ્રમાણપત્ર આક–૨૬ તથા આંક–૨૭ થી રજુ કરેલ છે. અને તે મુજબ પોતાની જન્મ તારીખ ૨૬–૮–૨૦૦૧ ની હોવાનું જણાવે છે .

(૧૩) ઉપરોકત ફરીયાદ પક્ષે રજુ થયેલ તમામ પુરાવાઓનું મુલ્યાંકન કરીએ તો આ કામે ભોગ નં. ૧ ની જન્મ્ તારીખ અંગે કોઈ સ્પષ્ટ પુરાવો કે માનવા લાયક દસ્તાવેજી આધાર રજુ કરવામાં આવેલ નથી. ભોગ બનનાર નં. ૨ તેના પુરાવામાં પોતાની જન્મ તારીખ ૨૬–૮–૨૦૦૧ હોવાનું જણાવેલ છે. આ કામે જન્મ્ તારીખનો દાખલો તથા સ્થળાંતર પ્રમાણપત્ર આક–૨૬ તથા આંક–૨૭ થી રજુ કરેલ છે સદર દસ્તાવેજ વંચાણે લેતા ભોગ બનનાર જે શાળામાં અભ્યાસ કરતા હતાં તે શાળા તરફથી આપવામાં આવેલ દાખલાઓ છે. તેમાં ભોગ બનનારની જન્મ તારીખ ૨૬–૮–૨૦૦૧ હોવાનું દર્શાવેલ છે. પરંતુ સદર દસ્તાવેજ પુરાવાર કરવા માટે શાળાના જવાબદાર કર્મચારી/અધીકારીને આ કામે ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ નથી. ભોગ બનનારને શાળામાં દાખલ કરતી વખતે જન્મ તારીખ કોના ધ્વારા લખાવવામાં આવેલ હતી કે ભોગ બનનારની જન્મ્ તારીખ કોના ધ્વારા લખાવવામાં આવેલ છે તે બાબતે કોઈ જ સ્પષ્ટતા ફરીયાદ પક્ષ ધ્વારા કરવામાં આવતી નથી કે તે શાળાના કોઈ કર્મચારીને આ કમે તપાસવામાં આવેલ નથી. આમ ભોગ બનનારને શાળામાં દાખલ કરતી વખતે તેની જન્મ તારીખ શાના આધારે લખવામાં આવેલ છે તે હકીકત અંગે કોઈ સ્પષ્ટતા કરેલ નથી. આમ ઉપરોકત ચર્ચાએ ભોગ બનનારની ચોકકસ ઉંમર બાબતે કોઈ સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય ત્યારે ભોગ બનનારાઓ બનાવના દિવસે સગીર વયના હતાં તેવી હકીકતો નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. જેથી મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપવામાં આવે

છે.

**મુદા નં. ૨ અને ૩ :**

(૧૪) આ કામમાં ફરીયાદ પક્ષના આક્ષેપિત બનાવ અંગેની સાચી અને ખરી હકીકતોનો સૌથી સારો પુરાવો ફકત ભોગ બનનાર જ આપી શકે. આ હકીકતના સંદર્ભમાં ફરીયાદ પક્ષે સાહેદ નં.૨ તરીકે આંક-૧૬ થી ભોગ બનનાર નં. ૧ ને તપાસેલ છે. ભોગ બનનારનો પુરાવો વંચાણે લેતા જણાવે છે કે,

આજથી દશેક વર્ષ પહેલાં હું મારા પરીવાર સાથે કુતિયાણા મુકામે રહેતી હતી અને એલ એન્ડ ટી કંપનીમાં મજુરી કામ કરતા હતા અને અમારા ફળીયામા રત્નાભાઈ પુનીયા ખરાડ પણ મજુરી કામે આવેલ હોય અને ફળીયામાં રહેતા હતા અને રત્નાભાઈને ત્રણ દિકરીઓ હતી. અમારા મકાનની બાજુમાં બિહાર રાજયના અનુપમ ઉર્ફે બાદલ પાસવાન તથા પ્રદિપ લાલચંદ મહેરા રહેતા હતા અને તેઓ પણ એલ એન્ડ ટી કંપનીમાં મજુરી કામ કરતા હતા. હાલ મારી ઉમર કેટલી છે તેની મને ખબર નથી. એવું બનેલ નહી કે, પ્રદિપ લાલચંદ મહેરા મને કોઈ વસ્તુ લઈને આપતો અને હું અવારનવાર મળતા અને મારે તેની સાથે પ્રેમ થઈ ગયેલ અને રત્નાભાઈની ભોગબનનાર દિકરીને અનુપમ ઉર્ફે બાદલ પણ તેને સારી સારી વસ્તુ લઈને આપતો અને તેને બાદલ સાથે પ્રેમ થઈ ગયેલ અને આ બંને અમારી બાજુમાં રહેતા હોય જેથી અમો બં ને ભોગબનનાર પ્રદિપ તથા બાદલ મને તથા રત્નાભાઈની દિકરી ને કુતિયાણાથી તેમના વતન બિહારમાં ભગાડીને લઈ ગયેલો અને અમો બં ને ભોરવાઈ જતાં તેની સાથે તેની સાથે ભાગી ગયેલ અને લગ્ન કરવાનું નકકી કરેલ. એવું બનેલ કે, આ લોકો આ આરોપીઓએ અમો બંનેને ધમકી આપતા અમોને પોલીસ સાથે લેવા આવેલ. અમારા વાલીઓ સાથે જવાની અમોએ ના પાડી દીધેલ. કોર્ટમાં જજ સાહેબ સામે પણ મેં જવાબ લખાવેલ હતો. તેમ જણાવે છે અને આંક-૨૪ થી સી.આર.પી.સી. કલમ-૧૬૪ અન્વયેનું નિવેદન રજુ કરેલ છે. સદર ભોગ બનનારને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ ત્યારબાદ સરકારી વકીલશ્રી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન પણ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ નથી.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસવામાં ભોગ બનનારે સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે અમો કુતિયાણા કામ કરતા હતા ત્યાં બીજા ઘણા મજુરો રહેતા હતા. એ વાત ખરી છે કે આ બધા મજુરોમાં અનુપમ અને પ્રદિપ કોણ હતો તે અમોને ખબર નથી. હું અને રત્નાભાઈની ભોગબનનાર દિકરી કોઈને કહયા વગર બીજા ગામે કામ કરવા જતા રહેલ હતા. એ વાત ખરી છે કે અમો ઘરે ન મળતા મારા પિતાએ પોલીસમાં જાણ કરેલી. એ વાત ખરી છે કે, અમો બંનેને આરોપી અનુપમ અને પ્રદિપ ભગાડી ગયેલ હોય કે કોઈ ગામ લઈ ગયેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, અમોને દવાખાને મેડીકલ તપાસણી માટે લઈ ગયેલ ત્યારે ડોકટર સાહેબે અમોને કઈ પુછેલ નહી કે અમોએ કઈ લખાવેલ નહી. એ વાત ખરી છે કે, જજ સાહેબ પાસે અમોને લઈ ગયેલ ત્યારે પોલીસે કહેલ તે મુજબ અમોએ જજ સાહેબ સમક્ષ લખાવેલ હતુ. એ વાત ખરી છે કે, પોલીસ ે અમારા જવાબમાં માત્ર નામ સરનામુ પુછેલ બીજુ કઈ પુછેલ નહી.

(૧૪.૧) આ કામે ફરીયાદપક્ષે ભોગ બનનાર નં. ૨ ને આંક–૨૫ થી તપાસવામાં આવેલ છે. સદર ભોગ બનનાર તેમના પુરાવામાં જણાવે છે કે, આજથી દશેક વર્ષ પહેલાં હું મારા પરીવાર સાથે કુતિયાણા મુકામે રહેતી હતી અને એલ એન્ડ ટી કંપનીમાં મજુરી કામ કરતા હતા અને અમારી સાથે ખીમેશભાઈ ચેનીયા તેના પરીવાર સાથે પણ મજુરી કામે આવેલ હોય અને ફળીયામાં રહેતા હતા અને ખીમેશભાઈને ચાર દિકરીઓ હતી. અમારા મકાનની બાજુમાં બિહાર રાજયના અનુપમ ઉર્ફે બાદલ પાસવાન તથા પ્રદિપ લાલચંદ મહેરા રહેતા હતા અને તેઓ પણ એલ એન્ડ ટી કંપનીમાં

મજુરી કામ કરતા હતા. હાલ મારી ઉમર કેટલી છે તેની મને ખબર નથી. એવું બનેલ નહી કે, અનુપમ ઉર્ફે બાદલ પાસવાન મને કોઈ વસ્તુ લઈને આપતો અને હું અવારનવાર મળતા અને મારે તેની સાથે પ્રેમ થઈ ગયેલ અને ખીમેશભાઈની ભોગબનનાર દિકરીને પ્રદિપ પણ તેને સારી સારી વસ્તુ લઈને આપતો અને તેને પ્રદિપ સાથે પ્રેમ થઈ ગયેલ અને આ બં ને અમારી બાજુમાં રહેતા હોય જેથી અમો બંને ભોગબનનાર પ્રદિપ તથા અનુપમ મને તથા ખીમેશભાઈની દિકરી ને કુતિયાણાથી તેમના વતન બિહારમાં ભગાડીને લઈ ગયેલો અને અમો બંને ભોરવાઈ જતાં તેની સાથે તેની સાથે ભાગી ગયેલ અને લગ્ન કરવાનું નકકી કરેલ. એવું બનેલ કે, આ લોકો આ આરોપીઓએ અમો બંનેને ધમકી આપતા અમોને પોલીસ સાથે લેવા આવેલ. અમારા વાલીઓ સાથે જવાની અમોએ ના પાડી દીધેલ.કોર્ટમાં જજ સાહેબ સામે પણ મેં જવાબ લખાવેલ હતો. તેમ જણાવે છે અને આંક–૨૮ થી સી.આર.પી.સી. કલમ–૧૬૪ અન્વયેનું નિવેદન રજુ કરેલ છે. સદર ભોગ બનનારને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ ત્યારબાદ સરકારી વકીલશ્રી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન પણ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ નથી.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન ભોગ બનનારે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે અમો કુતિયાણા કામ કરતા હતા ત્યાં બીજા ઘણા મજુરો રહેતા હતા. એ વાત ખરી છે કે આ બધા મજુરોમાં અનુપમ અને પ્રદિપ કોણ હતો તે અમોને ખબર નથી. હું અને ખીમેશભાઈની ભોગબનનાર દિકરી કોઈને કહયા વગર બીજા ગામે કામ કરવા જતા રહેલ હતા.

એ વાત ખરી છે કે અમો ઘરે ન મળતા મારા પિતાએ પોલીસમાં જાણ કરેલી. એ વાત ખરી છે કે, અમો બંનેને આરોપી અનુપમ અને પ્રદિપ ભગાડી ગયેલ હોય કે કોઈ ગામ લઈ ગયેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, અમોને દવાખાને મેડીકલ તપાસણી માટે લઈ ગયેલ ત્યારે ડોકટર સાહેબે અમોને કઈ પુછેલ નહી કે અમોએ કઈ લખાવેલ નહી. એ વાત ખરી છે કે, જજ સાહેબ પાસે અમોને લઈ ગયેલ ત્યારે પોલીસે કહેલ તે મુજબ અમોએ જજ સાહેબ સમક્ષ લખાવેલ હતુ. એ વાત ખરી છે કે, પોલીસ ે અમારા જવાબમાં માત્ર નામ સરનામુ પુછેલ બીજુ કઈ પુછેલ નહી.

આમ ભોગ બનનારનો ઉપરોકત પુરાવો ધ્યાને લેતા તેઓને આરોપી  આરોપીઓએ તેમનું અપહરણ કરી ભગાડી લઇ જઇ તેમની સાથે બળજબરી પુર્વક શારીરીક સબંધ બાંધી બળાત્કાર કરેલ હોય તેવી કોઇ જ હકીકતોને ભોગ બનનાર પોતાના પુરાવામાં સમર્થન આપતા નથી. આરોપીઓએ તેની સાથે કોઇ તેણીની ઇચ્છા વિરુધ્ધ પ્રવેશ જાતિય હુમલો કે ઉગ્ર પ્રવેશ જાતીય હુમલો કરેલ હોય કે આરોપીએ ભોગ બનનારને લલચાવ્યા હોય કે તેઓને  કોઇપણ તબક્કે પોતાના વાલી પાસે દુર જવા માટે પ્રેર્યા હોય તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જેથી ભોગ બનનારના ઉપરોકત પુરાવાથી આરોપી  વિરુધ્ધના કોઇ જ આક્ષેપો પુરવાર થતા નથી. સદર કામે બનાવની હકીકતો બાબતે ભોગ બનનારનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ અન્વયેનું નિવેદન રાણાવાવના જયુડી.મેજી. સાહેબશ્રી રુબરુ લેવામાં આવેલ છે જેમાં ભોગ બનનારે આરોપીને સંડોવતી હકીકતો જણાવેલ છે પરંતુ ઉપરોકત ભોગ બનનારાનો પુરાવો વંચાણે લેતા તેઓ આરોપીઓ વિરુધ્ધની કોઇ જ હકીકતો જણાવતા ન હોય ત્યારે ઉપરોકત કોરોબ્રેટીવ પુરાવાને

આધારે પણ આરોપીઓને હાલના ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

(૧૫) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ નં. ૧ તરીકે ફરીયાદી ખીમેશભાઇ ચેનીયાભાઇ ભુરીયાને આંક–૧૯ થી તપાસવામાં આવેલ છે. સદર ફરીયાદી તેમના પુરાવામાં જણાવે છે કે, '' હું મારા પરિવાર સાથે કુતિયાણા રહેતો હતો અને એલ એન્ડટી કંપનીમાં કામ કરતો હતો. આરોપી પ્રદિપકુમાર લાલચંદને હું ઓળખતો નથી. મારી ભોગબનનાર દિકરીને કોણ લઈ ગયેલ તેની મને ખબર નથી. બનાવ શું બનેલ તેની મને ખબર નથી. મારી ભોગબનનારની દિકરી બાબતે મે પોલીસમાં ફરીયાદ આપેલી તેમ જણાવી આંક–૨૦ થી ફરીયાદ રજુ કરેલ છે. સદર ફરીયાદીને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ ત્યારબાદ સરકારી વકીલશ્રી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન પણ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ નથી.

સદર ફરીયાદીની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે, અમો કુતિયાણા ગામે કામ કરતા ત્યારે મારી ભોગબનનાર દિકરી અને બીજી એક છોકરી બીજી જગ્યાએ કામ કરવા માટે અમોને જાણ કર્યા વગર જતી રહેલી. એ વાત ખરી છે કે, મારી ભોગબનનાર દિકરી ઘરે હાજર ન હતી તેથી હું પોલીસમાં જાણ કરવા માટે ગયેલો. એ વાત ખરી છે કે, પોલીસે ફરીયાદમાં શું લખેલ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, મને ગુજરાતી લખતા વાંચતા આવડતું નથી. એ વાત ખરી છે કે, અમોએ ફરીયાદમાં કોઈ આરોપીઓના નામ લખાવેલ નથી, પોલીસે જાતે લખી લીધેલ છે. એ વાત ખરી છે કે પોલીસ

ે અમોને ફરીયાદ વાંચી સંભળાવેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, મારી દિકરીને પ્રદિપ લાલચંદ મહેરા ભગાડી ગયેલ હોય તેવી વાત મારી ભોગબનનાર દિકરીએ મને જણાવેલ નથી. એ વાત ખરી છે કે, અમો અમારી ભોગબનનાર દિકરીની તપાસ કરવા માટે ગયેલ હોય અને મારી ભોગબનનાર દિકરીએ સાથે આવવાનું ના પાડેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, આ પ્રદિપ લાલચંદ મહેરાનું નામ મે ફરીયાદમાં લખાવેલ હોય તેવું બનેલ નથી.

આમ ઉપરોકત ફરીયાદી કે જેઓ ભોગ બનનારના પિતા છે તેઓનો સમગ્ર પુરાવો વંચાણે લેતા આરોપીઓને તેઓ ઓળખતા નથી. તેમની ભોગ બનનાર દિકરીને કોણ લઇ ગયુ તેની તેમને ખબર નથી. તેમજ બનાવ શું બનેલ તેની પણ તેઓને ખબર નથી તેવી હકીકત જણાવે છે. આમ ફરીયાદી સાહેદનો ઉપરોકત પુરાવો સમગ્રપણે વંચાણે લેતા આરોપીએ ભોગ બનનાર સાથે ફરીયાદપક્ષના આક્ષેપ મુજબનું કોઇ કૃત્ય કરેલ હોય તેવી કોઇ હકીકતો જણાય આવતી નથી.

(૧૬) ફરીયાદપક્ષના કેસ મુજબ ભોગ બનનાર/આરોપીની મેડીકલ તપાસણી માટે પોરબંદર સરકારી હોસ્પીટલ ખાતે લઇ જવામાં આવેલ. આ હકીકતના સંદર્ભમાં ફરીયાદપક્ષના સાહેદ ડો. હરેશકુમાર ભગવાનીભાઇ ગોહેલને આંક-૪૬ થી તથા સાહેદ ડો. હેતલબેન કીશોરભાઇ ચાંદેગરાને આંક-૪૧ થી તપાસવામાં આવેલ છે. તેઓના જણાવ્યા મુજબ ભોગ બનનાર, આરોપીની મેડીકલ તપાસણી કરેલ અને ભોગ બનનાર તથા આરોપીના શરીરના કોઇ ભાગ પર ઇજાના નિશાન નહી હોવાનું જણાવેલ છે. આમ ઉપરોકત મેડીકલ પુરાવાને આધારે પણ આરોપીઓને હાલના ગુના સાથે સાંકળી શકાય તેમ નથી. આમ મેડીકલ પુરાવાથી પણ આરોપીઓએ ભોગ બનનાર ઉપર પ્રવેશ જાતીય હુમલો, ગંભીર પ્રવેશ જાતીય હુમલો,

જાતીય હુમલો કે બળાત્કાર કરેલ હોય તેવી હકીકત પુરવાર થતી નથી.

(૧૭) આ કામે ફરીયાદ પક્ષે ફરીયાદ લેનાર પોલીસ સાહેદ રવિરાજસિંહ ભુપતસિંહ રાણાને આંક−૫૩ થી સોગંદ ઉપર તપાસેલ છે. આ સાહેદના પુરાવા મુજબ તેઓએ ફરીયાદીની પોતાના રુબરુ ફરીયાદ લીધેલાની હકીકત જણાવે છે જયારે આ ગુનાની તપાસ કરનાર અમલદાર અમૃતલાલ લક્ષ્મીરામ આચાર્યને આંક−૫૦ થી, ત.ક.અ. નારણ નાથાભાઈ ચુડાસમાને આંક−૫૨ થી, ત.ક.અ. વિજયસિંહ પરબતસિંહ પરમારને આંક−૯૯ થી તપાસેલ છે. આ સાહેદોના પુરાવા મુજબ તેઆ ધ્વારા હાલના ગુનાની તપાસ કરવામાં આવેલ, લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ તેમજ તેઓની તપાસ દરમ્યાન તેઓએ જુદાજુદા પંચનામા કરેલાની હકીકત જણાવે છે આ પંચનામા બચાવ પક્ષે સ્વીકૃત દસ્તાવેજો છે પરંતુ જયારે પંચોને તપાસેલા નથી તેમજ ત.ક.અ.શ્રીએ પોતાના પુરાવામાં તેની વિગતો જણાવેલ નથી ત્યારે આ કહેવાતા પંચનામા પુરવાર થયેલાનું માની શકાય નહીં.

(૧૮) આમ ઉપરોકત ફરીયાદ પક્ષ ધ્વારા રજુ થયેલા સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતા ભોગ બનનાર ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપતા નથી. ફરીયાદી એટલે કે ભોગ બનનારના પિતાનો પુરાવો વંચાણે લેતા બનાવ શું બનેલ છે તેની તેઓને ખબર નહી હોવાનું જણાવે છે. આમ સદર હકીકતો ધ્યાને લેતા પણ ફરીયાદપક્ષના આરોપી વિરુધ્ધના મુળભુત આક્ષેપની હકીકતો પણ સદર ફરીયાદીના પુરાવાથી સાબીત થતી નથી. આમ ફરીયાદ પક્ષ આરોપી વિરુધ્ધ ફરમાવવામાં આવેલ તહોમતનામાં મુજબના એક પણ ગુન્હા પુરવાર કરી શકેલ નથી અને પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય જેથી **મુદા નં. ૨ તથા મુદા નં. ૩ નો નિર્ણય નકારમાં** ઠરાવવામાં આવે છે.

(૧૯) આ કામે આ પ્રકારના કિસ્સામાં ભોગ બનનારને ગુજરાત વિકટીમ કોમ્પેન્સેશન સ્કીમ, ૨૦૧૯ હેઠળ વળતર આપવાની જોગવાઇ છે. હાલના કેસમાં ભોગ બનનારની બનાવ સમયેની ઉંમરને ધ્યાને લેતા તથા ભોગ બનનનારે જે માનસીક આઘાત, દુ:ખ તથા ત્રાસ સહન કરવો પડેલ તે ધ્યાને લેતા તેમજ નામ. સુપ્રિમ કોર્ટના સ્પેશ્યલ લીવ પીટીશન (ક્રિમીનલ) ૧૩૮૯૦/૨૦૨૪, શહેબાઝ નુરમોહમદ શેખ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને બીજાઓના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંતો મુજબ સદર વિકટીમ કોમ્પેન્સેશન સ્કીમ અન્વયે જણાવવામાં આવેલ અને કરવામાં આવેલ જોગવાઇ મુજબ ભોગ બનનારને વળતર ચુકવવાનું યોગ્ય જણાય છે. હાલના કેસની હકીકતો અને સંજોગોને ધ્યાને લેતા ભોગ બનનારને ગુજરાત વિકટીમ કોમ્પેન્સેશન સ્કીમ અન્વયે રુપિયા ૧,૦૦,૦૦૦/– (અંકે રુપિયા એક લાખ પુરા) વળતર તરીકે ચુકવવામાં આવે તો તે યોગ્ય જણાય છે. અગાઉ વચગાળાના વળતર પેટે કોઈ રકમ ભોગ બનનારને ચુકવવામાં આવેલ હોય તો તે રકમ બાદ કરીને બાકીની રકમ ભોગ બનનારને ચુકવવાની રહેશે.

(૨૦) આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદ પક્ષ આરોપી વિરુધ્ધના કોઈપણ આક્ષેપો પુરવાર કરવામાં સફળ રહેલ નથી, તે સંજોગોમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **: હુકમ :**

૧. આ કામના આરોપીઓ પ્રદિપકુમાર લાલચંદ મહેરા(પોકસો કેસ નં. ૯/૨૦૨૫) તથા આરોપી અનુપમ ઉર્ફે બાદલ સ/ઓ. બીલાસ સ/ઓ. ગણેશ પાસવાન (પોકસો કેસ નં. ૨૬/૨૦૨૫) ને ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૩૫(૧) મુજબ ભારતીય દંડ સંહીતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬, ૫૦૬(૨), ૧૧૪ તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮ મુજબના ગુનાઓમાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીઓએ ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૪૩૭(એ) મુજબ રુ. ૧૦,૦૦૦/– (અંકે રુપિયા દસ હજાર) ના જામીન આપવા. આ જામીનખત હુકમની તારીખથી  છ માસ સુધી અમલમાં રહેશે.

૩. આ કામના  બન્ને ભોગ બનનારને ગુજરાત વિકટીમ કોમ્પેન્સેશન સ્કીમ, ૨૦૧૯ હેઠળ રુપિયા  ૧,૦૦,૦૦૦/– (અંકે રુપિયા એક  લાખ પુરા) વળતર તરીકે ચુકવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૪. આ કામે મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરવામાં આવેલ બીનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૫. આ ચુકાદાની એક નકલ પોકસો કેસ નં. ૨૬/૨૦૨૫ ના કામમાં સામેલ રાખવી.

૬. આ ચુકાદાની એક નકલ ડીસ્ટ્રીકટ લીગલ સર્વિસ ઓથોરીટી, પોરબંદરને, ભોગ બનનારને વળતર ચુકવવા માટે મોકલી આપવી.

આ હુકમ આજરોજ તા. ૦૧ માહે એપ્રિલ  સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો

તા. ૦૧/૦૪/૨૦૨૬
સ્થળ : પોરબંદર.

(પી. એચ. શર્મા)
સ્પે. જજ (પોકસો)અને
એડીશ્નલ સેસન્શ જજ,
પોરબંદર.
GJ00701